C. S. (Main) Exam : 2012

E-DTN-M-JMD-5

# GUJARATI

## (Compulsory)

*Time Allowed : Three Hours* | *Maximum Marks : 300*

---

*INSTRUCTIONS*

***Candidates should attempt ALL questions.***

***The number of marks carried by each question is indicated at the end of the question.***

***Answers must be written in Gujarati, unless otherwise directed.***

***Prescribed word limit must be followed for Q. No. 3.***

***The précis must be attempted ONLY on the special précis sheet(s) provided separately.***

***These précis sheets are to be securely attached to the answer-book.***

***IMPORTANT : Whenever a question is being attempted, all its parts/sub-parts must be attempted contiguously. This means that before moving on to the next question to be attempted, candidates must finish attempting all parts/sub-parts of the previous question attempted. This is to be strictly followed.***

***Pages left blank in the answer-book are to be clearly struck out in ink. Any answers that follow pages left blank may not be given credit.***

---

1. નીચે દર્શાવેલા વિષયોમાંથી કોઈ પણ ***એક*** વિષય પર આશરે 300 શબ્દોમાં નિબંધ લખો : *100*

(a) ભારત : વ્યાપાર-વૃદ્ધિનું વિકસતું ક્ષેત્ર

(b) આપણાં મહાનગરો મહિલાઓ માટે કેટલાં સુરક્ષિત છે ?

(c) વન્યજીવોનું સંરક્ષણ અને એનું વ્યવસ્થાપન

(d) ભારતમાં વ્યાવસાયિક શિક્ષણ

(c) ફિલ્મોની 'મિથિકલ' સૃષ્ટિ

2. નીચેનો ગદ્યખંડ કાળજીપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના મુદ્દાસર, સંક્ષિપ્ત અને સચોટ ઉત્તરો આપો : *10×6=60*

વાચકોનો એક મોટો વર્ગ કાં તો ક્ષણિક મનોરંજન માટે કે પછી પુસ્તકોમાંથી મળતી રાહત માટે વાચન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાન્ય રીતે એ સમય પસાર કરવા માટે પુસ્તકો વાંચે છે. સમય આમ તો, ખૂબ જ મૂલ્યવાન એવો ખજાનો છે. એ મૂલ્યવાન ખજાનાને વાચકો વ્યર્થ વેડફે છે. માનવામાં ન આવે કે, વાચકો ઉપર સમયનું ભારણ હોય છે ! અને પછી એ સમયના બોજથી છૂટકારો ઝંખે છે એ પુસ્તકો જ આપી શકે છે. એટલું તો બહુ જ સ્પષ્ટ છે કે, એ કોઇ બીજાં પ્રયોજનથી નથી વાંચી શકતાં ! જો એ એવું કરે તો

વાચનને પરિણામે એને પોતાને માટે પણ કંઇક પ્રાપ્ત થઇ શકે, પરંતુ વાચનનું કોઇ અન્ય પ્રયોજન હોય એનો કયાંય સંકેત નથી મળતો. વાચનથી વાચક પર કોઇ પ્રભાવ જરૂર પડતો હશે, પરંતુ એ પ્રભાવની બાબતમાં એ અજાણ છે. પ્રભાવ લાભદાયક બની શકે છે – નિર્ણાયક બની શકે છે – એવો નિષ્કર્ષ આપણે નથી કાઢી શકતાં, એનું પ્રમાણ એ જ છે કે, વાચનને પરિણામે પોતાને થયેલી પ્રાપ્તિ વિશે એ કશું સભાનતાપૂર્વક કહી નથી શકતો.

(i) મોટાભાગના લોકોના વાચનનાં કારણો દર્શાવતા લેખક શું કહે છે ?

(ii) વાચકો સમયનું મૂલ્ય નથી સમજતા, એવું લેખક શા માટે અનુભવે છે ?

(iii) વાચકોના સમયનો સદુપયોગ નથી થયો એનું પ્રમાણ શું છે ?

(iv) વાચન પૂરું કર્યા પછી વાચકો પાસેથી લેખકની શી અપેક્ષા છે ?

(v) અજાગ્રતપણે થતાં વાચન પ્રત્યે લેખકને અસંતોષ શા માટે છે ?

(vi) લેખકને કેવા પ્રકારના વાચકોની અપેક્ષા છે ?

3. નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરો. શબ્દસંખ્યા વધી જશે તો ગુણાંક કપાશે. સંક્ષેપ અલગ કાગળમાં લખવો અને ઉત્તરવહી સાથે બીડવો. *60*

પાણી એ સામાન્ય રીતે પૃથ્વીના 70% ભાગમાં પથરાયેલું વ્યાપક એવું તત્ત્વ છે. વૈશ્વિક જળની ઉપલબ્ધિ 1·386 બિલિયન cu.km. છે, જેમાંથી 97% ખારું પાણી છે અને એ માનવને માટે ઉપયોગી નથી; બાકીનું માત્ર 3% પાણી જ તાજું અને પીવાયોગ્ય છે; પરંતુ એનું પણ 68·5% પાણી હિમશિલા અને બરફમાં છે, જે માનવના ઉપયોગ માટે સુલભ નથી. ધરતી પરનું લગભગ 30% શુદ્ધ પાણી 0·9% નદી, ઝરણાં અને તળાવરૂપે છે. આપણે મોટે ભાગે એ તાજાં પાણી પર નિર્ભર હોઇએ છીએ, જો 70 cu.km. રોજ નદીઓ, ઝરણાં અને તળાવનાં રૂપમાં આપણને મળે છે તથા 70 cu.km. રોજ જમીનનાં કુંડના પ્રવાહમાંથી આવે છે. એ પ્રાપ્તિ હજારો વર્ષોથી થતી રહી છે; પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી ખાસ કરીને ઘરની જરૂરિયાત તથા ખેતી અને ઔદ્યોગિક વપરાશને કારણે પાણીની માંગ સતત વધતી રહી છે. 1940 માં જયારે

દુનિયાની વસતી 2 બિલિયન હતી, ત્યારે પ્રતિવર્ષ પાણીની આવક વ્યક્તિદીઠ 1000 cu.m. સુધી સીમિત હતી; 2000 સુધીમાં વસતી 6 બિલિયનનો આંકડો વટાવી ગઈ અને વ્યક્તિદીઠ પાણીનો વપરાશ 6000 cu.m. સુધી વધ્યો, જેથી જળપ્રાપ્તિનાં સાધનો પર વધુ પડતો બોજ વધવા લાગ્યો. ખાસ કરીને વ્યાપક વસતી ધરાવતાં ક્ષેત્રોમાં અને જયાં પાણી ઓછું છે એવી જગ્યાએ આ પ્રશ્ન ઊભો થયો. કૃષિક્ષેત્રના 70%, ઔદ્યોગિક ક્ષેત્રના 22% અને ઘરેલૂ ક્ષેત્રના 8% જળવપરાશના આંકડા દર્શાવવામાં આવે છે. વિશ્વની વસતી ઝડપથી વધવાને કારણે તેમજ પીવાના પાણીની માંગ વધવાને કારણે સ્વચ્છ પાણીનાં સાધનો દુર્લભ બનતાં જાય છે. દર વર્ષે કુલ પ્રાપ્ય પાણીનો અરધો ભાગ ઉપયોગમાં આવે છે; એ 2050 સુધીમાં, વસતી વધવાને લીધે તથા માંગ વધવાને કારણે 74% સુધી વધી શકે છે. પાણીનો સૌથી વધુ વપરાશ કરનાર સામાન્ય અમેરિકનોની જેમ જો બધાં સ્થળે લોકો પાણી વાપરવા માંડે, તો પાણીનો વપરાશ 90% સુધી વધી શકે છે.

તાજાં પાણીની પ્રાપ્તિની સમગ્ર વિશ્વમાં સમાન રીતે વહેંચણી નથી થતી એ એક નોંધપાત્ર બાબત છે. પાણીંના ઘણાં સ્રોત ધરાવતા અનેક દેશો છે, તો પાણીની બાબતે ગરીબ એવા અનેક પ્રદેશો પણ છે. પ્રતિવર્ષ પાણીની વ્યક્તિદીઠ ઉપલબ્ધિ ગ્રીનલેન્ડમાં 10,767 મિલિયન cu.m. છે, તો કુવૈતમાં એ ફકત 10 cu.m. છે. ભારતમાં 1951 માં પ્રતિવર્ષ વ્યક્તિદીઠ પાણીની ઉપલબ્ધિ 5,177 cu.m. હતી, એ 2001 માં ઘટીને 1,820 cu.m. થઈ ગઈ તો ભારત પાણી ના કારણે ગરીબ પ્રદેશોની શ્રેણીમાં ધકેલાઇ ગયો. 2025 સુધીમાં તો પ્રતિવર્ષ વ્યક્તિદીઠ વપરાશ 1,340 cu.m. સુધી પહોંચી જશે.

વિશ્વની અનેક મોટી તથા એની સહાયક નદીઓ એકથી વધુ દેશોની વચ્ચેથી પસાર થાય છે. ઉદાહરણ તરીકે ગંગા અને એની સહાયક નદીઓ નેપાળ અને બાંગ્લાદેશમાંથી પસાર થાય છે; અને સિંધુ તથા એની સહાયક નદીઓ તો ભારત-પાકિસ્તાનમાંથી પસાર થાય છે. જર્મનીમાંથી નીકળતી ડેન્યૂબ ઓસ્ટ્રિયા, સ્લોવાકિયા, હંગરી, ક્રોએશિયા, સર્બિયા,

રોમાનિયા, બલ્ગેરિયા, માલદેવિયા અને યુક્રેનમાંથી પસાર થાય છે. ઝામ્બેઝી ઝામ્બિયા, અંગોલા, નામિબિયા, બોત્સવાના, ઝિમ્બાબ્વે અને મોઝામ્બિકમાંથી નીકળે છે. ઇજિપ્તની જીવનધારા નાઇલનો સંબંધ આઠ દેશો સાથે છે – સુડાન, ઇથોપિયા, કેન્યા, રવાંડા, બ્રુંડી, યુગાંડા, ટાન્ઝાનિયા અને ઝાયરે. જ્યારે કોઈ નદી એકથી વધારે દેશોમાંથી પસાર થાય છે ત્યારે અનેક વિવાદ જન્મે છે. ઇ.સ. પૂર્વે 3000 વર્ષોથી મધ્ય એશિયા, મધ્ય યુરોપ, દક્ષિણ તથા મધ્ય પૂર્વક્ષેત્રોમાં એવા વિવાદો થતા રહ્યા છે. કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે પાણીની માંગ વધતી જ જાય છે; એ અંગેના વિવાદો પણ ગંભીર સ્થિતિ પેદા કરે છે અને કયારેક કયારેક એ આક્રમક રૂપ પણ ધારણ કરી લે છે.

એક જ દેશમાં વહેતી નદીઓનાં પાણીનો હિસ્સો વહેંચવો એ પણ સ્થાનિક કે પ્રાદેશિક સ્તરે સંવેદનશીલ બાબત બની જાય છે. ગૌતમ બુદ્ધને (ઇ.સ. પૂર્વે 563 – 483) શાકયો અને કોટિયાઓ વચ્ચે રોહિણી નદીના પાણીના મામલે હસ્તક્ષેપ કરવો પડયો હતો.

4. નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો. *20*

I remember my father starting his day at 4 a.m. by reading the namaz before dawn. After the namaz, he used to walk down to a small coconut grove we owned, about 4 miles from our home. He would return, with about a dozen coconuts tied together thrown over his shoulder, and only then would he have his breakfast. This remained his routine even when he was in his late sixties.

I have throughout my life tried to emulate my father in my own world of science and technology. I have endeavoured to understand the fundamental truths revealed to me by my father, and feel convinced that there exists a divine power that can lift one up from confusion, misery, melancholy and failure, and guide one to one's true place. And once an individual severs his emotional and physical bondage, he is on the road to freedom, happiness and peace of mind.

5. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. *20*

હોસ્પિટલો ઇ.સ. પૂર્વે ઘણા જ પ્રાચીન સમયથી અસ્તિત્વમાં આવી હશે. એવું માનવામાં આવે છે કે હોસ્પિટલનો ઉદય ગ્રીસ, ઇજિપ્ત અને ભારતમાં થયો. વિશ્વના અનેક દેશોમાં હવે ખૂબ જ મોટી જનરલ હોસ્પિટલ છે, જેમાં દરેક પ્રકારનું ધ્યાન અપાય છે તેમજ ત્યાં દરેક પ્રકારનાં શિક્ષણ અને સંશોધનનાં સાધનો ઉપલબ્ધ છે. હવે તો નાની-મોટી અનેક મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ પણ જુદી જુદી બીમારીઓનો ઉપચાર કરે છે. કેટલીક સંસ્થાઓ તો બાળકો અને સ્ત્રીઓને માટે જ સમર્પિત છે. યુ.કે. અને યુ.એસ.એ.માં તો ઉપચાર માટે હોસ્પિટલોને રાજ્યો કે નગરપાલિકાઓ પણ આર્થિક સહયોગ આપે છે; આને કારણે કેવળ સ્થૂળ મુશ્કેલીઓ કે આર્થિક મુશ્કેલીઓ જ દૂર નથી થઇ, પરંતુ આનાથી આખો સમાજ અકારણ તકલીફ સહન કરવામાંથી બચી શકયો છે, તેમજ રાહતદરે સારવાર મેળવી શકયો છે. સાથોસાથ આ પદ્ધતિ દ્વારા એક પ્રાણહીન અને યાંત્રિક દિનચર્યા તેમજ કાર્યકુશળતાના ઘટતા સ્તરથી પણ મુક્તિ મેળવી શકાય છે.

6. (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો : *10*

(i) કોઠે પડવું.

(ii) છાતીથી અળગું કરવું.

(iii) જીવ ચકડોળે ચડવો.

(iv) પૃથ્વી રસાતાળ થવી.

(v) હોઠ કરડવા.

(b) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : *10*

(i) લોકોમાં કીર્તિ મેળવવાની ઇચ્છા.

(ii) જેનો નાશ ન થાય તેવું.

(iii) જેનું મન બીજે ઠેકાણે હોય તેવું.

(iv) કોઇ ન સાંભળે તેમ રડવું.

(v) ખૂબ જ તીવ્ર બુદ્ધિવાળો.

(vi) કૃતિ જેવી બીજી કૃતિ.

(vii) મટકું માર્યા વિના.

(viii) ઉપકાર ઉપર અપકાર.

(ix) જેનો પતિ બહારગામ ગયો છે તેવી સ્ત્રી.

(x) જયાં આકાશ અને ધરતી મળતાં દેખાય છે એ રેખા.

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો : *10*

ચિરાયુ, અધોગતિ, વૈકલ્પિક, સુગમ, વિજોગ, વિભિન્ન, નશ્વર, અધિક, વિશેષ, વિનિપાત

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો : *10*

પ્રતિતિ, કુતુહલ, પરિણિતા, સામુદાયિક, દુરદર્શિતા, બીમારિ, બહુરૂપિણિ, અર્ધાંગિનિ, દિર્ઘજીવિતા, પ્રોષીતભર્તુકા